સંકલિત બાળ વિકાસ સેવા યોજના
ગુજરાત રાજ્ય

नए समाज की ओर
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય

વર્ષ : ૭ અંક : ૪, ૫, ૬

# સહિયર ગોષ્ઠી

*ભાવયિત્રી ભાવયિતવ્યા ભવતિ !*
જનની જગતની પોષણની અધિકારી
(ઐતરેય ઉપનિષદ - ૨/૩)




# આંગણવાડી પ્રવેશોત્સવ, ૨૦૨૬


જામનગર મહાનગરપાલિકા
આંગણવાડી પ્રવેશોત્સવ - ૨૦૨૬
મહિલા અને બાળ વિકાસ વિભાગ
૩ થી ૬ વર્ષના બાળકો માટે સુવર્ણ તક
નવીન શિક્ષણ વ્યવસ્થા
પ્રવેશ ચાલુ છે
આજે જ તમારા બાળકનું નામ નોંધાવો
નજીકની આંગણવાડી કેન્દ્રનો સંપર્ક કરો
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર


SMILE


આંગણવાડી પ્રવેશોત્સવ
આંગણવાડી કેન્દ્ર
વાઘેલ -૧






2026

# સહિયર ગોષ્ઠી


**તંત્રી** : ડૉ. રણજિતકુમાર સિંહ

**સહતંત્રી** : જિજ્ઞાસા પંડ્યા

**સંપાદક** : ઈલાબા રાણા

**સહસંપાદક** : નીતા ચૌધરી

**પરામર્શ મંડળ** : મનીષા પટેલ
અમી પટેલ
નયના પારગી



**ઈ-મેઈલ:**icdswcdmagazine@gmail.com

**તંત્રી વિભાગ**
'સહિયર ગોષ્ઠી' કાર્યાલય, કમિશનરશ્રી, મહિલા અને બાળવિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦



**૩૬+૪ ટાઈટલ = કુલ ૪૦ પાના**
મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર


આપના વિસ્તારમાં મહિલા અને બાળવિકાસને લગતી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'સહિયર ગોષ્ઠી' ત્રિમાસિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ icdswcdmagazine@gmail.com ઈ-મેઈલ આઈડી ઉપર તસ્વીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને 'સહિયર ગોષ્ઠી'માં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




| | |
|---|---|
| આંગણવાડી પ્રવેશોત્સવ – જૂન, ૨૦૨૬ | 4 |
| "બાલક પાલક સર્જન" કાર્યક્રમ | 12 |
| આંગણવાડી કાર્યકરની ગૌરવવંતી સફર/ગાથા | 16 |
| યોગ દિવસ ઉજવણી: ૨૧ જૂન, ૨૦૨૬ | 21 |
| ડીસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત ગળકિયા નેસની દીકરીઓના સપનાંઓને મળી નવી પાંખો | 22 |
| વન સ્ટોપ સેન્ટર સાફલ્ય ગાથા – દેવભૂમિ દ્વારકા | 23 |
| છ વર્ષના સંઘર્ષ પછી દિવ્યાંગ મહિલાને દસ્તાવેજો પ્રાપ્ત કરાવવામાં સફળતા અપાવતું મહિલા સહાયતા કેન્દ્ર – રાજકોટ | 24 |
| ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સાફલ્ય ગાથા | 25 |
| પરિવારથી વિખૂટી પડેલી ૧૦ વર્ષની બાળકીનું પરિવાર સાથે મિલન, વન સ્ટોપ સેન્ટર – આંણદ | 26 |
| ૬ માસની બાળકીનું માતા સાથે પુનઃમિલન કરાવતું મહિલા સહાયતા કેન્દ્ર - બોટાદ | 27 |
| દીકરીને આત્મનિર્ભરતા અને સ્વતંત્ર જીવનનો અધિકાર અપાવવામાં મહિલા સહાયતા કેન્દ્રની પ્રશંસનીય ભૂમિકા – મહેસાણા | 28 |
| પૂર્ણા દિવસ ઉજવણી- વિશ્વ માસિક દિવસ | 29 |
| ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર પ્રદર્શન સહ વેચાણ મેળા યોજના | 32 |
| GIDM ખાતે નારી અદાલતના કો-ઓર્ડિનેટર્સ માટે મહિલા | 34 |
| સુરક્ષા અને કાયદાકીય જાગૃતિ અંગે સઘન તાલીમ કાર્યક્રમ | 34 |
| નારી અદાલતના સેન્ટ્રલ ઝોનના સંકલનકર્તાઓ માટે GIDM ખાતે વિવિધ કાનૂની અને સામાજિક વિષયો પર નિષ્ણાતો દ્વારા સઘન માર્ગદર્શન | 36 |
| વડોદરામાં આરોગ્ય વિભાગના તાલીમકારો માટે She-Box અને કાનૂની માર્ગદર્શન અંગે 'રિફ્રેશર તાલીમ' સંપન્ન | 37 |
| મહિલા આઈ.ટી.આઈ., જોટાણા ખાતે POSH એક્ટ, જીવન કૌશલ્ય અને મહિલા સુરક્ષા અંગે જાગૃતિ તાલીમ કાર્યક્રમ યોજાયો | 38 |


**હર ઘર સ્વદેશી**
**ઘર-ઘર સ્વદેશી**

પોષણ સંગમ




માન. મુખ્યમંત્રીશ્રી અને માન. મંત્રીશ્રી દ્વારા બાળકોનું સ્વાગત અને કીટ વિતરણ

# આંગણવાડી પ્રવેશોત્સવ – જૂન ૨૦૨૬

આંગણવાડી સર્વે વિસ્તારનાં ૩ થી ૬ વર્ષનાં તમામ બાળકોનું આંગણવાડીમાં નામાંકન થાય અને એક પણ બાળક પૂર્વપ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે ખૂબ અગત્યનું છે. આ માટે વાલીઓ અને જનસમુદાય જાગૃત થાય, તેમને પ્રોત્સાહન મળે તેમજ બાળકો આનંદથી આંગણવાડીમાં આવે તે માટે સમગ્ર ગુજરાત રાજ્યમાં આંગણવાડી પ્રવેશોત્સવનું આયોજન તા.૨૩ થી ૨૫ જૂન, ૨૦૨૬ દરમ્યાન કરવામાં આવેલું.

રાજ્ય કક્ષાએથી આંગણવાડી પ્રવેશોત્સવ કાર્યક્રમની પૂર્વતૈયારી માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને પ્રોગ્રામ ઓફિસરશ્રીને આ કાર્યક્રમના આયોજન માટેની ગાઈડલાઈન આપવામાં આવી. તેમજ તેમના દ્વારા મેયરશ્રી, જિલ્લા પ્રમુખશ્રી,

**ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માન.મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ (મહિલા અને બાળ-કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ), માન. શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા તેમજ વિવિધ વિભાગના અગ્રસચિવશ્રી, સચિવશ્રી, કમિશનરશ્રી અન્ય અધિકારી અને પદાધિકારી દ્વારા આંગણવાડીનાં ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોને પ્રવેશ કરાવી તેમને બે જોડી યુનિફોર્મ, પ્રિ-સ્કૂલ સાહિત્ય આપી બાળકો અને વાલીઓને પ્રોત્સાહિત કર્યાં.**



કોર્પોરેટરશ્રી, તાલુકા પ્રમુખશ્રી અને સરપંચશ્રીને તેમના કાર્યક્ષેત્રનાં બાળકોનું આંગણવાડીમાં નામાંકન કરાવવા, પ્રચાર-પ્રસારમાં સહભાગી થવા અને કાર્યક્રમને સફળ બનાવવા આયોજન કરવામાં આવ્યું.

"પ્રોજેક્ટ પા પા પગલી" ના પી.એસ.ઈ ઇન્સ્ટ્રક્ટરને ઘટક, સેજા અને આંગણવાડી કક્ષાએ સફળ આયોજન કરવા માટે રાજ્યકક્ષાએથી તમામ જિલ્લા પી.એસ.ઈ ઇન્સ્ટ્રક્ટર અને જિલ્લા પ્રોગ્રામ આસિસ્ટન્ટને વીડિયો કોન્ફરન્સ દ્વારા આંગણવાડી પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા માટેના આયોજન અંગે જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ કાર્યક્રમની પૂર્વતૈયારી રૂપે પ્રચાર-પ્રસાર, કાર્યક્રમના દિવસનું આયોજન અને ત્યારબાદ ફોલોઅપ કાર્ય માટે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા સી.ડી.પી.ઓ.શ્રી, મુખ્યસેવિકા અને આંગણવાડી કાર્યકર, હેલ્પરબહેનને કાર્યક્રમના પ્રચાર-પ્રસાર અને આયોજન માટે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું, જેમાં શહેર અને ગામનાં જાહેર સ્થળો અને વાહન પર પ્રવેશોત્સવનાં બેનરો લગાડવામાં આવ્યાં.

આંગણવાડી કાર્યકર અને પ્રોજેક્ટ "પા પા પગલી" ઇન્સ્ટ્રક્ટર દ્વારા ઘરે ઘરે જઈને પેમ્ફલેટ/લીફલેટ આપી ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોનાં વાલીઓને આંગણવાડીમાં નામાંકન કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આંગણવાડીનાં બાળકો, આંગણવાડી કાર્યકર, હેલ્પર અને વાલીઓ દ્વારા સૂત્રો, નારા અને પોસ્ટરનો ઉપયોગ કરી જનજાગૃતિ માટે રેલી કાઢવામાં આવી. બાળકોની કુતુહલતા અને આકર્ષણ માટે રેલીમાં કાર્ટૂન કેરેક્ટર પણ લાવવામાં આવ્યાં.

૩ વર્ષ પૂર્ણ કરેલાં તમામ બાળકોનું આંગણવાડીમાં નામાંકન કરાવવા માટે આયોજનની રૂપરેખા મુજબ કામગીરી કરવામાં આવી. ઉજવણીના પ્રચાર-પ્રસાર માટે બાળકો દ્વારા તૈયાર કરેલી સુંદર મજાની આમંત્રણ પત્રિકાઓ અને સોશ્યલ મીડિયાના ઉપયોગ દ્વારા ઈ-આમંત્રણ વાલીઓ અને મહેમાનોને પાઠવવામાં આવ્યું.

આંગણવાડી પ્રવેશોત્સવના





માન. મુખ્યમંત્રીશ્રી અને માન. મંત્રીશ્રી દ્વારા બાળકોનું સ્વાગત અને કીટ વિતરણ



દિવસે આંગણવાડીને ફૂલ, તોરણ, રંગોળી અને ફુગ્ગા દ્વારા સુશોભિત કરવામાં આવી. બાળકોની કૂતુહલતા અને આકર્ષણ માટે વિવિધ પ્રકારના સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા, જેમાં બાળકોએ પોતાની સેલ્ફી પણ લેવડાવી. પ્રવેશોત્સવના સ્થળ પર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી પ્રિ-સ્કૂલ કિટની સાધન-સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું.

બાળકોને ઘરેથી આંગણવાડી સુધી લાવવા માટે ફુગ્ગા, ફૂલ અને આસોપાલવના તોરણથી શણગારેલી બાળકોની ટ્રાયસાઇકલ, રીક્ષા, બળદગાડું, સ્કૂટર અને મોટરકાર જેવા વિવિધ ભૂલકાંરથમાં બેસાડી ઢોલ, નગારાં સાથે વાજતે ગાજતે વાલીઓ અને ગામ સમુદાયના હર્ષોલ્લાસ સાથે લાવવામાં આવ્યાં. બાળકોને જુદા જુદા પ્રકારની ટોપીઓ અને વેશભૂષા પહેરાવી આંગણવાડીમાં પ્રવેશ કરાવ્યો. વિશેષ કરીને બાળકોને કંકુ તિલક, કંકુ પગલાં, કંકુ થાપા અને પુષ્પ ગુચ્છ આપી અનોખી રીતે બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું.

આંગણવાડી અને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન મહાનુભાવો





**માન. કમિશ્નર વ સચિવશ્રી (મહિલા અને બાળવિકાસ વિભાગ), માન. કમિશ્નરશ્રી આઈ.સી.ડી.એસ.**

અને જનસમુદાય સમક્ષ આંગણવાડીનાં બાળકો દ્વારા યોગનાં આસનો તેમજ સરસ મજાનાં બાળગીત અને અભિનયગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી.

ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માન.મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ (મહિલા અને બાળ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ), માન.શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા તેમજ વિવિધ વિભાગના અગ્રસચિવશ્રી, સચિવશ્રી, કમિશનરશ્રી અન્ય અધિકારી અને પદાધિકારી દ્વારા આંગણવાડીનાં ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોને પ્રવેશ કરાવી, તેમને બે જોડી યુનિફોર્મ, પ્રિ-સ્કૂલ સાહિત્ય આપી, બાળકો અને વાલીઓને પ્રોત્સાહિત કર્યાં. સાથે સાથે સરકારશ્રી દ્વારા આંગણવાડીનાં બાળકો માટે સ્લેટ, કલે અને મીણિયા રંગ પણ આપવામાં આવ્યા. બાલવાટિકા પ્રવેશ મેળવતાં બાળકોને અપાર આઈ.ડી સાથે વિદ્યારંભ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

જનસમુદાયની લોકભાગીદારીથી બાળકોને સ્કૂલબેગ, લંચબોક્સ, વોટરબેગ, ચિત્રપોથી, મીણિયા રંગ અને આંગણવાડીને રાંધવા-પીરસવાનાં વાસણો, એલ.ઈ.ડી, વોટરકૂલર, પંખા વગેરે આપવામાં આવ્યા, જેની અંદાજી રકમ રૂ. ૬૪,૮૭,૭૨૨/- છે.

આંગણવાડી પ્રવેશોત્સવની નવતર ઉજવણીના પરિણામ સ્વરૂપે રાજ્યના તમામ જિલ્લાઓની આંગણવાડીમાં તા-૨૩,૨૪,૨૫ જૂન-૨૦૨૬ દરમ્યાન ૩ વર્ષ પૂર્ણ કરેલ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું. આંગણવાડી પ્રવેશોત્સવ દરમ્યાન બે લાખ ઉપરાંત બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો. પાંચ વર્ષ પૂર્ણ કરનાર ચાર લાખ ઉપરાંત બાળકોને બાલવાટિકામાં પ્રવેશ કરાવવામાં આવ્યો.














જાહેર સ્થળ અને વાહન પર બેનર દ્વારા પ્રચાર-પ્રસાર











રેલી દ્વારા પ્રચાર-પ્રસાર











હેન્ડ મેઈડ આમંત્રણ પત્રિકા







આંગણવાડી સુશોભન અને રંગોળી





આંગણવાડીમાં પ્રિ-સ્કૂલ કીટનું પ્રદર્શન










**સેલ્ફી પોઈન્ટ**









**વિવિધ ભૂલકાંરથમાં બાળકોનું આગમન**








**આંગણવાડીમાં બાળકોના કંકુ તિલક, કંકુ પગલાં, કંકુ થાપા કરાવી સ્વાગત**

જનસમુદાયની લોકભાગીદારીથી બાળકોને સ્કૂલબેગ, લંચબોક્સ, વોટરબેગ, ચિત્રપોથી, મીણિયા રંગ અને આંગણવાડીને રાંધવા-પીરસવાનાં વાસણો, એલ.ઈ.ડી, વોટરકુલર, પંખા વગેરે આપવામાં આવ્યાં, જેની અંદાજી રકમ રૂ. ૬૪,૮૭,૭૨૨/- છે.




વાલી પરામર્શન અને નિદર્શન

# “બાલક પાલક સર્જન” કાર્યક્રમ

સંકલિત બાળવિકાસ સેવા યોજના, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં અપાતી પૂર્વપ્રાથમિક શિક્ષણની સેવાથી કોઈ બાળક વંચિત ન રહે તેમજ બાળકોનું નામાંકન વધે તે માટે મે માસના ત્રીજા મંગળવાર અને બુધવારે “બાલક પાલક સર્જન” બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું. જેનો ખાસ હેતુ બાળકો અને વાલી સાથે મળીને પ્રવૃત્તિ કરે, બાળકોની નોંધણીમાં વધારો કરવા, નોંધાયેલાં બાળકોની નિયમિત હાજરીમાં વધારો કરવા તેમજ વાલી અને જનસમુદાયની ભાગીદારી વધારવાનો છે.

રાજ્ય કક્ષાએથી તમામ જિલ્લાના પી.ઓશ્રીને કાર્યક્રમની રૂપરેખા મોકલવામાં આવી. કાર્યક્રમના પૂર્વ આયોજનરૂપે રાજ્ય કક્ષાએથી નાયબ નિયામકશ્રી (પી.એસ.ઈ), સી.ડી. પી.ઓ. અને સ્ટેટ ઈ.સી.ઈ. કન્સલ્ટન્ટ દ્વારા ગાંધીનગર ખાતે તમામ જિલ્લાના પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટરની



વાલી પરામર્શન અને નિદર્શન

રિવ્યુ મીટિંગમાં "બાલક પાલક સર્જન" કાર્યક્રમની રૂપરેખા અંગે વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું. રાજ્યની તમામ આંગણવાડીમાં પ્રથમ દિવસે તા-૧૯/૦૫/૨૬ના રોજ આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષનાં બાળકો અને વાલી માટે તેમજ બીજા દિવસે તા-૨૦/૦૫/૨૬ના રોજ આંગણવાડીમાં પ્રવેશપાત્ર ૨ થી ૩ વર્ષનાં બાળકો અને તેમનાં વાલી માટે "બાલક પાલક સર્જન" કાર્યક્રમની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવ્યું.

"બાલક પાલક સર્જન" કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે આંગણવાડી કક્ષાએ આંગણવાડી કાર્યકર અને બાળકો દ્વારા તૈયાર કરેલી આમંત્રણ પત્રિકા, ઈ-નિમંત્રણ પત્રિકા બનાવી વાલી, ગામ અગ્રણી, સરપંચ, શિક્ષક, મુખ્યસેવિકા, સી.ડી.પી.ઓ. અને પ્રોગ્રામ ઓફિસરશ્રીને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું. આંગણવાડી કાર્યકર, તેડાગર, ઘટક અને જિલ્લા પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર દ્વારા પૂર્વપ્રાથમિક શિક્ષણ કીટ અને બાળકોએ કરેલી પ્રવૃત્તિના નમૂનાનું નિદર્શન તેમજ આવકાર માટે રંગોળીકામ કરવામાં આવ્યુ.સોશ્યલ મીડિયા થકી વિવિધ પોસ્ટર મૂકી પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો.

આંગણવાડીમાં આવતાં ૩ થી ૬ વર્ષનાં બાળકો અને તેમના વાલી માટે "બાલક પાલક સર્જન" કાર્યક્રમમાં છાપકામ (બોટલનાં ઢાંકણ, પાંદડાં, ઈયરબડ્સ, ભીંડાનાં ડીંટાં, કાંટા ચમચી વડે), ચીટકકામ (કાગળની ગોળીઓ, પેન્સિલનો છોલ, લાકડાનો વેર, રેતી વડે), કોલાજકામ (છાપાના/રંગીન કાગળના ટુકડા વડે), દોરી, ફૂલ/પાંદડાં વડે રંગકામ, મુક્ત ચિત્ર અને રંગપુરણી, આર્ટ એન્ડ ક્રાફ્ટ: કાગળનો દડો, આઈસ્ક્રીમ સ્ટીકથી ફોટોફ્રેમ અને પતંગિયું, (આકારો અને વેસ્ટ વસ્તુઓ જેવી કે, પાંદડાં, લાકડી/સળીઓ, કાગળની ડીશ દ્વારા), માર્બલપ્રિન્ટ (પાંદડાં, ટાઇલ્સના ટુકડા, સિક્કા), મણકા પરોવણી, ખાલી બોટલમાં પાણી/રેતી ભરવી વગેરે જેવી પ્રવૃત્તિઓમાં બાળકો અને તેમના વાલીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઇ આંગણવાડીની પ્રવૃત્તિથી માહિતગાર થયા.

બીજા દિવસે આંગણવાડીમાં પ્રવેશપાત્ર ૨ થી ૩ વર્ષનાં બાળકો અને વાલી માટે વિવિધ પ્રવૃત્તિઓનું







ડીજીટલ આમંત્રણ પત્રિકા






સ્વનિર્મિત આમંત્રણ પત્રિકા

આયોજન કરવામાં આવ્યું. જેમાં છાપકામ (કાગળના ડૂચા, પેનનાં ઢાંકણ, અંગૂઠા/ આંગળી વડે), ચીટકકામ (પાંદડાં, મગફળીના ફોતરાં, આઈસ્ક્રીમ સ્ટીક), ફાડકામ કરી તે જ કાગળની ગોળીઓ વળાવવી, ફૂલ અને પાંદડાંની પરોવણી, રંગપુરણી, આર્ટ એન્ડ ક્રાફ્ટ : છાપમાંથી ટેડીબેર, (વિવિધ આકારો અને વેસ્ટ વસ્તુઓ જેવી કે, પાંદડાં, લાકડી/સળીઓ, આઈસ્ક્રીમ સ્ટીક દ્વારા), રંગોળીકામ : ફૂલ, પાંદડાં, પથ્થર, લાકડી, ઠળિયા વગેરે, ખાલી બોટલમાં પાણી/રેતી ભરાવવી. જેવી પ્રવૃત્તિઓમાં બાળકોએ તેમનાં માતા-પિતા/ વાલી સાથે મળીને વિવિધ પ્રવૃત્તિઓ કરી.

સમગ્ર રાજ્યમાં ૫૩૦૦૫ આંગણવાડી કેન્દ્રમાં પ્રથમ દિવસે ૩ થી ૬ વર્ષનાં ૧૪,૪૪,૨૬૮ બાળકો અને ૧૨,૫૯,૪૨૭ વાલીએ તેમજ બીજા દિવસે ૨ થી ૩ વર્ષનાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે દાખલ થવા પાત્ર ૪,૯૯,૯૩૦ બાળકો અને ૫,૨૫,૯૯૭ વાલીએ ભાગ લીધેલો. આ કાર્યક્રમની વિવિધ પ્રવૃત્તિઓમાં પોતાના બાળકો સાથે માતા-પિતા પણ સહભાગી થયાં. આંગણવાડીઓ ફક્ત પોષણક્ષમ આહાર જ નહિ પણ પાયાના શિક્ષણ થકી બાળકના સર્વાંગી વિકાસ માટે તેના ઉજ્જવળ ભવિષ્યની કેડી કંડારે છે.





ગામ અગ્રણી અને વાલીને આમંત્રણ




કીટ નિદર્શન અને રંગોળી




પ્રવૃત્તિ કરતાં બાળકો અને વાલી




શરૂઆતમાં આંગણવાડીમાં આવતા બાળકો

# આંગણવાડી કાર્યકરની ગૌરવવંતી સફર/ગાથા

હું રાવલ છાયાબેન મનોજકુમાર, સાબરકાંઠા જિલ્લાના ઘટક ખેડબ્રહ્માના આંગણવાડી કેન્દ્ર- ખેડબ્રહ્મા-૧૪માં તારીખ ૦૩/૦૫/૨૦૦૮થી આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવા આપું છું. આંગણવાડી કેન્દ્ર પર હું હાજર થઈ તે દિવસો દરમિયાન મારા આંગણવાડી કેન્દ્રના સર્વે વિસ્તારનાં બાળકો પૈકી ૩-૬ વર્ષનાં ૩૫ બાળકો નોંધાયેલ હતાં, તેમાંથી ફક્ત ૨૫ બાળકો જ પૂર્વપ્રાથમિક શિક્ષણની સેવાનો લાભ લેવા આવતાં. બીજાં બાળકો પ્રાઇવેટ ઇંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં જતાં હતાં, આથી મનોમન મે નક્કી કર્યું કે, આંગણવાડીમાં પ્રાઇવેટ સ્કૂલ જેવું વાતાવરણ ઊભું કરું, જેથી મારા વિસ્તારનાં તમામ બાળકો આંગણવાડીમાં જ આવે અને પોતાની માતૃભાષામાં જ ગમ્મત સાથે જ્ઞાન મેળવે.

મેં વિશેષ પ્રયત્નોની શરૂઆત કરી. મેં વિસ્તારના ૩-૬ વર્ષનાં આંગણવાડીમાં ન આવતાં બાળકોનાં



ઘરે જઈ તેમના વાલી સાથે તેમનાં બાળકને આંગણવાડીમાં મોકલવા માટે સંપરામર્શન કર્યું, પરંતુ તેનાથી આંગણવાડીમાં આવતાં બાળકોની સંખ્યામાં બહુ વધારો જોવા ન મળ્યો, મને એવું લાગ્યું કે આંગણવાડી વિસ્તારના લોકો સાથે ફક્ત વાતચીત કરવાથી નહિ, પણ મારું કામ જોઇને અવશ્ય બાળકોને આંગણવાડીમાં મોકલતાં થશે. બાળકો માટે લોકસહયોગથી આઈકાર્ડ, યુનિફોર્મ અને બૂટ-મોજાં મેળવ્યાં. આંગણવાડીમાં અપાતી પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓને રજૂ કરવા માટે સોશ્યલ મીડિયાના માધ્યમથી ૨૦૧૯માં ૩-૬ વર્ષનાં બાળકોનાં વાલીનું વોટ્સએપ ગ્રુપ બનાવ્યું. આંગણવાડીમાં અપાતા પૂર્વ પ્રાથમિક શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓના વીડિયો બનાવી તેમાં મૂકવાની શરૂઆત કરી. વાલી મિટિંગ કરીને તેમને આંગણવાડીમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે વિશેષ જાણકારી આપી. ધીરે ધીરે વાલીઓનો સાથ સહકાર મળવા લાગ્યો. છેલ્લાં ત્રણ વર્ષથી વોટ્સઅપ ગ્રુપમાં જોડાવા માટે સ્કેનર રાખી વાલી અને ગામ અગ્રણી મળી, તેમાં ૯૫ વ્યક્તિને સામેલ કરેલ છે.

સારી કામગીરી કરવા બદલ વર્ષ-૨૦૧૫માં મને તાલુકા કક્ષાનો "માતા યશોદા" એવોર્ડ મળ્યો. જેનાથી મને વધુ પ્રોત્સાહન મળ્યું. ત્યારબાદ

## વાલીના વિશ્વાસ અને કામગીરીના પરિણામ સ્વરૂપે મે -૨૦૨૬ માં નોંધાયેલાં ૫૪ બાળકોમાંથી આંગણવાડી કેન્દ્રમાં ૫૦ એટલે ૯૨% બાળકો પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નિયમિત અને સમયસર આવતાં થયાં

મારી આંગણવાડીની યૂટ્યૂબ ચેનલ બનાવવાનો વિચાર કર્યો. ઓગસ્ટ-૨૦૨૦માં આંગણવાડીની ચેનલ બનાવી, તેને આંગણવાડી કેન્દ્ર-ખેડબ્રહ્મા-૧૪ નામ આપ્યું. યૂ ટ્યૂબમાં પ્રથમ વીડિયો મૂકી વિસ્તારનાં વાલી અને જનસમુદાય પાસે ચેનલને સબસ્ક્રાઈબ કરાવવામાં આવી, જેમાં પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ આંગણવાડીમાં ઉજવાતા તમામ રાષ્ટ્રીય અને સામાજિક તહેવારની ઉજવણી, બાળદિવસ, બાળકોની વિવિધ જાહેર સ્થળોની મુલાકાતના વીડિયો રોજે રોજ અપલોડ કરવામાં આવ્યા. જેને નિહાળીને વાલીઓ પોતાનાં બાળકોને આંગણવાડીમાં મોકલવા લાગ્યા અને પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે ૩ થી ૬ વર્ષનાં બાળકોની સંખ્યામાં ધીરે ધીરે વધારો જોવા મળ્યો. આજે મારી ચેનલમાં ૬૬૭ વીડિયો, ૨૬૮૨ સબસ્ક્રાઈબર અને ૧૩,૨૦,૭૭૭ લોકોએ તેને નિહાળી છે. એ મારા માટે ખૂબ ગૌરવની વાત છે.

આંગણવાડીમાં બાળકો સમયસર અને નિયમિત આવતાં થાય તે માટે અનોખી પહેલ કરી લોકભાગીદારીથી બેલ મૂકવામાં આવ્યો. બેલના કારણે વાલી પોતાના બાળકોને સમયસર મોકલતાં થયાં છે. બાળકો પોતાની હાજરીનું મહત્ત્વ સમજે અને સ્વયં પૂરતા થાય સાથે સાથે એકબીજાના પરિચય માટે હાજરી ચાર્ટ પણ બનાવ્યો. વાલીના વિશ્વાસ અને કામગીરીના પરિણામ સ્વરૂપે મે -૨૦૨૬માં નોંધાયેલાં ૫૪ બાળકોમાંથી આંગણવાડી કેન્દ્રમાં ૫૦ એટલે ૯૨% બાળકો પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નિયમિત અને સમયસર આવતાં થયાં.

બાળકોના સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓની સાથે પોતાની વ્યક્તિગત પ્રવૃત્તિ પુસ્તિકા રમત ગમત ભાગ ૧- ૨ અને ચિત્રપોથીમાં પ્રવૃત્તિઓ કરે છે.થીમેટિક અભ્યાસક્રમ મુજબની બાળકોને પ્રવૃત્તિ કરાવવા તેમજ વિવિધ સંકલ્પના શીખવવા માટે સ્થાનિક રીતે ઉપલબ્ધ લો-કોસ્ટ સાધન-સામગ્રીથી ૪૫ થી વધુ ટી.એલ.એમ બનાવ્યાં. જેના થકી બાળકોમાં ભાષાકીય અને ગાણિતિક કૌશલ્ય વિકાસની શરૂઆત કરી. ભૂલકાંમેળામાં મારુ ટી.એલ.એમ મૂકી જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ પણ નંબર મેળવ્યો, જેનો મને અનેરો આનંદ છે.

વર્ષ-૨૦૨૬માં GCERT દ્વારા ૧૧મો ઇનોવેશન ફેર યોજવામાં આવ્યો. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકની સાથે આંગણવાડી કાર્યકરને પણ તેમનું ઇનોવેશન રજૂ કરવાની તક આપવામાં આવી. જેમાં મે “વાલીઓનો વિશ્વાસ” એ વિષયને લઇ મારાં ટી.એલ.એમ રજૂ કરવાનું નક્કી કર્યું.

સૌ પ્રથમ જિલ્લા કક્ષા ઇનોવેશન ફેર ઇડર DIET ખાતે પૂર્વપ્રાથમિક શિક્ષણ વિભાગમાં મારી ઉમેદવારી નોધાવી, કૃતિ રજૂ કરી નંબર મેળવ્યો. ઝોન કક્ષા ઇનોવેશન ફેર ગાંધીનગર DIET ખાતે પણ મારી કૃતિ રજૂ કરી નંબર મેળવ્યો. છેલ્લે રાજ્યકક્ષા ઇનોવેશન ફેર નડિયાદ, કઠલાલ DIET ખાતે પણ ભાગ લઇ રાજ્ય કક્ષાએ નંબર મેળવી ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

મને મળેલી સફળતા માટે અમારા સી.ડી.પી.ઓશ્રી, મુખ્યસેવિકાબહેન અને ઘટક પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટરનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારા વિસ્તારના જનસમુદાય તરફથી મને મળેલા સાથ સહકાર બદલ તેઓની પણ આભારી છું.




પૂર્વપ્રાથમિક શિક્ષણના મહત્ત્વ વિશે વાલી સંપરામર્શન







પ્રવૃત્તિઓ વાલી સુધી મોકલવા વોટ્સએપ ગ્રુપ ગઠન





નિયમિત હાજરી માટે બેલ સિસ્ટમ અને સ્વયં હાજરી ચાર્ટ




સાધન-સામગ્રીની ગોઠવણી, બનાવેલાં ટી.એલ.એમ







આંગણવાડી યુટ્યુબ ચેનલ દ્વારા પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર



સ્કેનર થકી વાલીઓનું જોડાણ, મેળવેલ એવોર્ડ

## પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ૩ થી ૬ વર્ષનાં બાળકોની સંખ્યામાં ધીરે ધીરે વધારો જોવા મળ્યો. આજે મારી ચેનલમાં ૬૬૭ વીડિયો, ૨૬૮૨ સબસ્ક્રાઈબર અને ૧૩,૨૦,૭૭૭ લોકોએ તેને નિહાળી છે.









ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૬

**ખેડબ્રહ્માના આંગણવાડી કેન્દ્રના કાર્યકર છાયાબેન રાવલે 'ઉત્તર ઝોન'માં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્ય કક્ષાએ સ્થાન મેળવ્યું**

તસ્વીર : અરવિંદ ઠક્કર

ગુજરાત વિકાસ ન્યુઝ, ખેડબ્રહ્મા, હિંમતનગર : શિક્ષણ અને બાળ વિકાસ ક્ષેત્રે નવીન પ્રયોગોને પ્રોત્સાહન આપવા માટે ડાયેટ (DIET) ઈડર દ્વારા આયોજિત 'જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૬' માં ખેડબ્રહ્માના ૧૪ આંગણવાડી કેન્દ્રના કાર્યકર શ્રીમતી છાયાબેન રાવલની ઉત્કૃષ્ટ કામગીરીને પગલે તેમની પસંદગી ઝોન કક્ષા માટે કરવામાં આવી હતી.

ત્યારબાદ, તારીખ ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ 'ઉત્તર ઝોન કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ ૨૫-૨૬' માં પણ છાયાબેને પોતાની પ્રતિભાનો પરિચય આપતા શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ પ્રભાવશાળી દેખાવને કારણે હવે તેમની પસંદગી રાજ્ય કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ માટે કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા (DIET), ગાંધીનગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં છાયાબેન દ્વારા રજૂ કરવામાં આવેલ તેમનો ઇનોવેટિવ પ્રોજેક્ટ "વાલીઓનો વિશ્વાસ ક્ષેત્ર" આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

આ પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ્ય આંગણવાડી અને વાલીઓ વચ્ચે અતૂટ જોડાણ અને વિશ્વાસ ઊભો કરવાનો છે. જજ પેનલ દ્વારા આ પ્રયોગની મૌલિકતા અને તેની બાળ વિકાસ પર થનારી સકારાત્મક અસરોને ખૂબ જ બિરદાવવામાં આવી હતી.

છાયાબેન રાવલની આ મહેનત અને શિક્ષણ પ્રત્યેના સમર્પણને વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# યોગ દિવસ ઉજવણી: ૨૧ જૂન ૨૦૨૬











મહિલા અને બાળવિકાસ વિભાગ, આંગણવાડીમાં આવતાં ૩થી ૬ વર્ષનાં બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે સતત કટિબદ્ધ અને કાર્યશીલ છે. આ સંદર્ભે એક મહત્ત્વપૂર્ણ પહેલ બાળકો માટે "યોગા અભ્યાસ" શરુ કરવામાં આવી, જે અંતર્ગત તા. ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ આંગણવાડીના ત્રણથી છ વર્ષનાં બાળકો દ્વારા યોગ કરવામાં આવ્યો.

આંગણવાડી કાર્યકર દ્વારા યોગનું મહત્ત્વ સમજી અને બાળકોને યોગ કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આંગણવાડી કાર્યકર દ્વારા 'વૃક્ષાસન, તાડાસન, પર્વતાસન' જેવાં આસનો કરવવામાં આવ્યાં હતાં જે ખૂબ જ ઉત્તમ છે; જ્યારે વૃક્ષાસનમાં બાળક એક પગ પર ઊભા રહીને પોતાના હાથ આકાશ તરફ લંબાવે છે, ત્યારે તે માત્ર તેનું શારીરિક સંતુલન અને એકાગ્રતા જ નથી સુધારતું, પરંતુ તે સ્થિર રહેતાં પણ શીખે છે—જે એક એવો અનુભવ છે જે તેમને જીવનમાં આવતી નાની-મોટી મુશ્કેલીઓને હળવાશથી લેવામાં મદદરૂપ થાય છે તેમજ તાડાસન અને પર્વતાસન જેવા આસનોથી શારીરિક બાંધો, સ્નાયુઓ મજબૂત અને ઊંચાઈ વધે છે.

રાજ્યમાં ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોગ દિવસ નિમિત્તે ૩ થી ૬ વર્ષનાં ૧૩.૫ લાખથી વધુ બાળકોને આંગણવાડીમાં યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

# ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત ગળકિયા નેસની દીકરીઓનાં સપનાંને મળી નવી પાંખો



જૂનાગઢ જિલ્લાનાં ગળકિયા નેસ જેવા અંતરિયાળ વિસ્તારમાં અનેક દીકરીઓ શિક્ષણ અધવચ્ચે છોડી દેવાના કારણે રોજગારની તકોમાંથી વંચિત રહી હતી. મહિલા અને બાળઅધિકારી કચેરીની DHEW ટીમે ક્ષેત્ર મુલાકાત દરમિયાન આ દીકરીઓ અને તેમના વાલીઓનું કાઉન્સેલિંગ કરીને તેમને કૌશલ્ય આધારિત તાલીમ માટે પ્રોત્સાહિત કર્યાં.

DHEW ટીમના પ્રયત્નોથી દીકરીઓને RSETI સાથે જોડવામાં આવી અને તેમને સીવણ તાલીમ (Dress Designing) તથા બ્યુટી પાર્લર કોર્સમાં નિ:શુલ્ક પ્રવેશ અપાવવામાં આવ્યો. તાલીમ દરમિયાન રહેવા-જમવાની સુવિધા તેમજ કોર્સ પૂર્ણ થયા બાદ સરકાર માન્ય પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું.

આ તાલીમના પરિણામે દીકરીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે અને ઘણી દીકરીઓએ ઘરે બેસીને સીવણકામ તથા અન્ય સ્વરોજગારી પ્રવૃત્તિઓ શરૂ કરી છે. DHEW ટીમ અને RSETIના સંયુક્ત પ્રયાસોથી ગળકિયા નેસની દીકરીઓ આજે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહી છે અને પોતાના સપનાંઓને નવી ઉડાન આપી રહી છે.

"શિક્ષણ છૂટ્યું, પરંતુ સપનાંઓ નહીં. DHEW ટીમ અને RSETIના સહયોગથી ગળકિયા નેસની દીકરીઓ આત્મનિર્ભરતા અને સશક્તીકરણનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે."

## વન સ્ટોપ સેન્ટર સાફલ્ય ગાથા – દેવભૂમિ દ્વારકા

વન સ્ટોપ સેન્ટર, દેવભૂમિ દ્વારકા ખાતે એક મહિલા સલાહ, માર્ગદર્શન તથા આશ્રય માટે આવેલી. મહિલાનાં જણાવ્યા મુજબ, તેમનાં લગ્નને અંદાજે બે વર્ષ જેટલો સમય થયેલો છે તથા તેમને આઠ માસનું બાળક છે. લગ્નજીવનના પ્રારંભિક છ માસ સુધી દાંપત્ય જીવન સુખમય રહ્યું હતું, પરંતુ ત્યારબાદ સાસુ દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડા તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, તેમજ પતિને ચઢામણી કરવામાં આવતી હતી. પરિણામે પતિ દ્વારા પણ મહિલા સાથે વારંવાર ઝઘડા તથા મારકૂટ કરવામાં આવતી હતી.

તા. ૧૫/૦૪/૨૦૨૬ના રોજ સવારે ઘરમાં થયેલી સામાન્ય બાબતને લઈને પતિ-પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો, જેમાં પતિ દ્વારા મહિલા સાથે મારકૂટ કરી બાળકને ઝૂંટવી તેમને ઘરેથી કાઢી મૂકવામાં આવ્યાં હતાં. મહિલાએ બાળકને સાથે રાખવા આગ્રહ કરતાં બાળક સાથે જ તેમને બહાર કાઢવામાં આવ્યાં હતાં. મહિલાનું પિયર ખંભાળિયા ખાતે હોવાથી તેઓ ત્યાં જવા નીકળ્યાં હતાં, પરંતુ ભાઈ દ્વારા ઘરે આવવાની ના પાડવામાં આવી હતી. વધુમાં, પિતાને દારૂની ટેવ હોવાને કારણે મહિલા ત્યાં જવા ઇચ્છતાં નહોતાં. અન્ય કોઈ સુરક્ષિત આશ્રય ઉપલબ્ધ ન હોવાથી તેઓ સહાય માટે વન સ્ટોપ સેન્ટર ખાતે આવ્યાં હતાં.

**સેન્ટર દ્વારા કરવામાં આવેલી કામગીરી :** વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાની રજૂઆત સંવેદનશીલતાપૂર્વક સાંભળી, તેમને તેમના બાળક સાથે તાત્કાલિક સુરક્ષિત આશ્રય પૂરો પાડવામાં આવ્યો. ઉપરાંત પ્રાથમિક કાઉન્સેલિંગ દ્વારા માનસિક સહાય અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાઉન્સેલિંગ દરમિયાન મહિલાને પોતાના પતિ સાથે સમાધાન કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં, સેન્ટર દ્વારા તેમના પતિ સાથે ટેલિફોનિક સંપર્ક સાધી સેન્ટર ખાતે હાજર રહેવા જણાવાયું. તા. ૧૭/૦૪/૨૦૨૬ના રોજ પતિ સેન્ટર ખાતે હાજર થતાં બંને પક્ષોની ઉપસ્થિતિમાં સંયુક્ત સમાધાન બેઠક યોજવામાં આવી.



બેઠક દરમિયાન પતિને સમજાવવામાં આવ્યું કે નાની બાબતોને કારણે પત્નીને ઘરેથી કાઢી મૂકવી તથા શારીરિક અને માનસિક ત્રાસ આપવો અયોગ્ય છે. વધુમાં, પત્નીને પિયર તરફથી પૂરતો સહારો ન હોય ત્યારે પતિ તરીકે તેમની સંપૂર્ણ જવાબદારી નિભાવવી જરૂરી છે. બાળકના હિતને ધ્યાનમાં રાખીને આવી પરિસ્થિતિનો બાળકના માનસિક વિકાસ પર થનારા નકારાત્મક પ્રભાવ અંગે પણ સમજ આપવામાં આવી.

બીજી તરફ મહિલાને પણ સમજાવવામાં આવ્યું કે નાની બાબતોને કારણે ઘર છોડવું તેમના તથા બાળક માટે જોખમી બની શકે છે અને પારિવારિક સમસ્યાઓનું શાંતિપૂર્ણ રીતે નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરવો આવશ્યક છે.

**નિવારણ :** સેન્ટર દ્વારા કરવામાં આવેલા કાઉન્સેલિંગ અને માર્ગદર્શન બાદ બંને પતિ-પત્નીએ પોતાની ભૂલ સ્વીકારી અને પરસ્પર ચર્ચા દ્વારા સમાધાન કર્યું. પતિએ ભવિષ્યમાં પત્ની સાથે ઝઘડા નહીં કરે, તેમને માન-સન્માન સાથે રાખશે તથા પત્ની અને બાળકની યોગ્ય કાળજી લેશે, તેવી ખાતરી આપી.

મહિલાએ પણ સ્વેચ્છાએ પોતાના પતિ સાથે જવા સંમતિ દર્શાવી. ત્યારબાદ બંને પક્ષોની લેખિત બાંહેધરી લેવામાં આવી.

**અંતિમ નિષ્કર્ષ :** વન સ્ટોપ સેન્ટરના સમયસર હસ્તક્ષેપ, સંવેદનશીલ કાઉન્સેલિંગ તથા યોગ્ય માર્ગદર્શનના પરિણામે મહિલાને જરૂરી સુરક્ષા અને માનસિક સહારો પ્રાપ્ત થયો. બાળકના હિતને કેન્દ્રસ્થાને રાખીને દંપતી વચ્ચે સફળ સમાધાન સ્થાપિત થયું અને પરિવારિક વિવાદ શાંતિપૂર્ણ રીતે ઉકેલાયો.

# છ વર્ષના સંઘર્ષ પછી દિવ્યાંગ મહિલાને દસ્તાવેજો પ્રાપ્ત કરાવવામાં સફળતા અપાવતું મહિલા સહાયતા કેન્દ્ર - રાજકોટ





દિવ્ય ભાસ્કર રાજકોટ 15-04-2026

## છેલ્લા 6 વર્ષથી પેન્શનથી વંચિત દિવ્યાંગ વિધવાને પોલીસે ડોક્યુમેન્ટ્સ અપાવ્યા

### મહિલા સહાયતા કેન્દ્ર (PBSC) સેન્ટરની માનવતાવાદી કામગીરી

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન સ્થિત મહિલા સહાયતા કેન્દ્ર એટલે કે પી.બી.એસ.સી. સેન્ટર દ્વારા માનવતાવાદી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. જેમાં એક દિવ્યાંગ વિધવા મહિલાને છેલ્લા છ વર્ષથી જે ન્યાય નહોતો મળ્યો તે અપાવવામાં આવ્યો છે.

પીડિત મહિલાના લગ્ન 23 વર્ષ પૂર્વે સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા અને લગ્નજીવન દરમિયાન તેમને એક 18 વર્ષનો પુત્ર પણ છે. પરંતુ કમનસીબે આ મહિલાને આંખમાં જામરની તકલીફ થવાને કારણે મગજની નસો સુકાઈ ગઈ હતી જેના લીધે તેમણે જોવાની અને સાંભળવાની શક્તિ સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી અને તબીબોએ પણ આ સ્થિતિમાં ઈલાજ અશક્ય હોવાનું જણાવ્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં છ વર્ષ પૂર્વે દારૂના વ્યસનને લીધે પતિનું અવસાન થતા તેઓ નિરાધાર બન્યા હતા અને સાસુ-સસરા સિનિયર સિટીઝન હોવાથી તથા તેમની શારીરિક મર્યાદાઓને કારણે પુત્રવધૂની દેખભાળ કરવી મુશ્કેલ બની હતી. જેથી બે વર્ષ પહેલાં પિયર એટલે કે ભાઈના ઘરે મૂકી દેવાયા હતા.

દિવ્યાંગ વિધવા મહિલાને પોતાનું જીવન ગુજારવા માટે વિધવા પેન્શન અને અન્ય સરકારી સહાયની અત્યંત જરૂર હતી. પરંતુ આ માટે પતિના મરણના દાખલા સહિતના જરૂરી કાગળોની જરૂર પડતી હોય છે જે સાસરી પક્ષ પાસે હતા. પિયરપક્ષ દ્વારા અનેકવાર સાસરિયાંઓ પાસે આ ડોક્યુમેન્ટ્સની માગણી કરવામાં આવી હોવા છતાં કોઈને કોઈ બહાને કાગળો આપવામાં આવતા નહોતા અને આ રીતે લાચારીનો લાભ લેવામાં આવી રહ્યો હતો. અંતે મહિલાએ પી.બી.એસ.સી. સેન્ટરનો સંપર્ક કર્યો જ્યાં મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા આ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાઉન્સેલિંગના અંતે અરજદાર મહિલાને તમામ જરૂરી દસ્તાવેજો સોંપવામાં આવ્યા છે જેનાથી હવે તેઓ વિધવા પેન્શન યોજનાનો લાભ મેળવી શકશે. આ તકે કાઉન્સેલરે જણાવ્યું હતું કે, દિવ્યાંગ અને નિરાધાર મહિલાઓની સુરક્ષા અને તેમના હક્કો અપાવવાએ પ્રાથમિકતા છે.

રાજકોટના મહિલા પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટરમાં દિવ્યાંગ ગંગા સ્વરૂપા મહિલા અરજદાર ન્યાયની આશાએ પોતાની આપવીતી મહિલા સહાયતા કેન્દ્રને રજૂ કરેલી. કાઉન્સેલિંગ દરમ્યાન જણાવ્યા અનુસાર, અરજદાર મહિલાના લગ્ન ૨૩ વર્ષ પહેલાં થયાં હતાં. લગ્નજીવન સુખદ હતું અને તેમને ૧૮ વર્ષનો એક પુત્ર પણ છે. પરંતુ સમય જતાં શારીરિક તકલીફને લીધે અરજદારને આંખમાં જામરની તકલીફ થતાં જોવાની અને સાંભળવાની શક્તિ ગુમાવી દીધી. આ શારીરિક લાચારી વચ્ચે છ વર્ષ પહેલાં પતિનું અવસાન થતાં તેઓ સાવ નિરાધાર બન્યાં.

સાસરી પક્ષે શારીરિક મર્યાદાઓને કારણે તેમને પિયર મૂકી દીધાં હતાં. વિધવા પેન્શન અને દિવ્યાંગ સહાય જેવી સરકારી યોજનાઓ માટે પતિના મરણના દાખલા અને અન્ય ડોક્યુમેન્ટ્સની જરૂર હતી, જે સાસરી પક્ષ આપતો નહોતો. વારંવારની વિનંતીઓ છતાં દસ્તાવેજો ન મળતાં અંતે તેમણે મહિલા સહાયતા કેન્દ્રનો આશરો લીધો. મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલરે આ કેસને ખૂબ જ સંવેદનશીલતાથી લીધો.

કેન્દ્રના કાઉન્સેલર દ્વારા ત્વરિત કાર્યવાહી કરી, સાસરી પક્ષને સેન્ટર પર બોલાવીને કાઉન્સેલિંગ કરેલું. કાઉન્સેલિંગ દરમિયાન સાસરી પક્ષને સમજાવવામાં આવ્યું કે આ દસ્તાવેજો દિવ્યાંગ મહિલાના જીવનનિર્વાહ માટે કેટલા અનિવાર્ય છે. કાયદાકીય સમજ આપી કે દસ્તાવેજો રોકી રાખવા એ કાયદાકીય રીતે ગુનો બની શકે છે, તેની સમજ આપી.

કાઉન્સેલરની કુશળ સમજાવટના પરિણામે સાસરી પક્ષે પોતાની ભૂલ સ્વીકારી અને તમામ જરૂરી દસ્તાવેજો અરજદાર બેનને સુપરત કર્યા. હવે આ મહિલા સરકારી સહાય મેળવી આત્મસન્માન સાથે જીવી શકશે. લાંબા સંઘર્ષ બાદ દસ્તાવેજો મળતાં મહિલાએ મહિલા સહાયતા કેન્દ્રનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

સિટી એન્કર

**ગોત્રીની સગીરા સ્ટેશન પાસે બેસી રહેતાં અભયમને જાણ કરાતાં ટીમ મદદે પહોંચી**

# માતા-પિતાએ સિવણનું મશીન ન અપાવતાં દીકરીએ ઘર છોડ્યું અભયમે સરકારી યોજનાની સમજ આપીને ફોર્મ ભરાવી આપ્યું

સિટી રિપોર્ટર | વડોદરા

ગોત્રીમાં રહેતી 16 વર્ષીય સગીરાને તેનાં માતા-પિતાએ સિલાઈ મશીન ન લઈ આપતાં તે ઘરેથી નીકળી ગઈ હતી. સગીરા વિશે એક વ્યક્તિએ અભયમને જાણ કરતાં ટીમે પહોંચી સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. જેમાં જાણવા મળ્યું કે, સગીરા નાની હોવાથી તેનાં માતા-પિતા તેને સિલાઈ મશીન લઈ આપતાં નહોતાં. જેથી અભયમે સગીરાનું કાઉન્સેલિંગ કરીને તેને ઘરે પહોંચાડી હતી. ઉપરાંત તેને સરકારી સહાય યોજનામાં સિલાઈ મશીન કેવી રીતે મેળવી શકાય તે બાબતે પણ જાણકારી આપી હતી.

**અભયમની ટીમે કાઉન્સેલિંગ કરીને સગીરાને માતા-પિતાને સોંપી**

સગીરા નાનપણથી જ પોતાનાં મામા-મામી સાથે રહેતી હતી. જોકે તે થોડા સમયથી માતા-પિતા સાથે રહેવા ગઈ હતી. ઘટના વિશે મામા-મામીને પણ જાણ કરાઈ હતી. જેથી મામા-મામી સગીરાની જવાબદારી લેવા તૈયાર હતાં. જોકે સગીરા માતા-પિતાના ઘરે જવા માગતી હોવાને કારણે અભયમે સગીરાને તેનાં માતા-પિતાને સોંપી હતી.

ગોત્રીની સગીરાએ ભણવાનું છોડીને સીવણ ક્લાસ શરૂ કર્યા હતા. પોતે પગભર થવા તે સિલાઈ મશીન લેવા માગતી હતી. જોકે તેનાં માતા-પિતાએ દીકરીને મશીન લઈ આપવાની ના પાડી દીધી હતી. ઉપરાંત તેની મરજી વિરુદ્ધ તેનાં લગ્ન પણ નક્કી કરી દીધાં હતાં. તેની માતાએ તેને કહ્યું કે, સાસરીમાં જઈને મશીન લેજે. સગીરાએ ઘણી જીદ કરી પણ માતા-પિતાએ મશીન ન લઈ આપતાં તે ઘરેથી નીકળી ગઈ હતી.

દરમિયાન સ્ટેશન પાસેના રોડ પર સવારથી સગીરા બેસી રહેતાં નજીકના દુકાનદારે અભયમને જાણ કરી હતી. જેથી અભયમની ટીમ સગીરા પાસે પહોંચતાં તેણે પોતાની તકલીફ જણાવી હતી. તે પછી માતા-પિતાનો ફોન દ્વારા સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે, દીકરી નાની હોવાથી મશીન નથી લઈ આપતાં. જેથી અભયમે સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. જોકે સગીરાએ જીદ પકડી કે, જ્યાં સુધી મશીન નહીં લઈ આપે ત્યાં સુધી ઘરે નહીં જાય.

આખરે અભયમે સગીરાને સરકારી સહાય યોજના વિશે માહિતી આપી હતી. જેના દ્વારા તે મશીન લઈ શકે છે. સગીરાને યોજના વિશે સમજણ આપીને ફોર્મ પણ ભરાવી આપ્યું હતું. જેથી સગીરાને વિશ્વાસ આપ્યો કે, તેનું મશીન આવી જશે. જે બાદ તે ટીમ સાથે ઘરે પહોંચી હતી.

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સાફલ્ય ગાથા

ગોત્રીમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાને તેનાં માતા-પિતાએ સિલાઈ મશીન ન લઈ આપતાં તે ઘરેથી નીકળી ગઈ હતી. સગીરા વિશે સ્ટેશન પાસેના રોડ પર સવારથી સગીરા બેસી રહેતાં જોઈ નજીકના દુકાનદારે અભયમને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી સગીરાનું કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું કે સગીરા નાની હોવાથી તેનાં માતા-પિતા તેને સિલાઈ મશીન લઈ આપતાં નહોતાં.

સગીરાએ ભણવાનું છોડીને સીવણ ક્લાસ શરૂ કર્યા હતા. પોતે પગભર થવા તે સિલાઈ મશીન લેવા માગતી હતી. જોકે તેનાં માતા-પિતાએ દીકરીને મશીન લઈ આપવાની ના પાડી દીધી હતી. ઉપરાંત, તેની મરજી વિરુદ્ધ તેનાં લગ્ન પણ નક્કી કરી દીધાં હતાં. તેની માતાએ તેને કહ્યું કે,સાસરીમાં જઈને મશીન લેજે.

સગીરાએ ઘણી જીદ કરી પણ માતા-પિતાએ મશીન ન લઈ આપતાં તે ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ અભયમની ટીમ દ્વારા તેનાં માતા-પિતાનો ફોન દ્વારા સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે, દીકરી નાની હોવાથી મશીન નથી લઈ આપતાં. જેથી અભયમે સગીરાનું કાઉન્સેલિંગ કરી સમજવાની કોશિશ કરી પરંતુ સગીરાએ જીદ પકડી કે, જ્યાં સુધી મશીન નહીં લઈ આપે ત્યાં સુધી ઘરે નહીં જાય.આખરે અભયમે સગીરાને સરકારી સહાય યોજના વિશે માહિતી આપી હતી તથા ફોર્મ પણ ભરાવી આપ્યું હતું. સગીરાને વિશ્વાસ આપાવ્યો કે, તને સિલાઈ મશીન મળી જશે. ત્યારબાદ ટીમ દ્વારા તેને ઘરે પહોંચાડવામાં આવી.

# પરિવારથી વિખૂટી પડેલી ૧૦ વર્ષની બાળકીનું પરિવાર સાથે મિલન વન સ્ટોપ સેન્ટર – આણંદ




અંતેવાસી બાળકીના જણાવ્યા મુજબ તેમના પરિવારમાં કુલ ૬ ભાઈ-બહેન છે, જેમાં ૨ ભાઈ અને ૩ બહેનોનો સમાવેશ થાય છે. બાળકી થોડા સમયથી પોતાના માસીના ઘરે રહેતી હતી. કોઈ બાબતે માસીએ ઠપકો આપતાં બાળકી પોતાનાં પિતાના ઘરે જવા માટે ટ્રેનમાં બેઠી હતી. મુસાફરી દરમિયાન બાળકી ટ્રેનમાં ઊંઘી જતાં અજાણતા ગુજરાત રાજ્યના આણંદ રેલવે સ્ટેશન સુધી આવી પહોંચી હતી.

આણંદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર બાળકી એકલી અને અસુરક્ષિત સ્થિતિમાં મળી આવતાં રેલવે ચાઇલ્ડ લાઇનની ટીમે બાળકીનો સંપર્ક કર્યો હતો. બાળકી માટે સુરક્ષિત આશ્રયની જરૂરિયાત જણાતાં રેલવે ચાઇલ્ડ લાઇન દ્વારા બાળકી ને “સખી વન સ્ટોપ સેન્ટર, આણંદ” ખાતે લાવવામાં આવી હતી.

**સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કરાયેલી કામગીરી**

- સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બાળકીની સુરક્ષા અને સંભાળ માટે તાત્કાલિક નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી:
- બાળકી માટે સેન્ટર ખાતે સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા કરવામાં આવી.
- બાળકીનું તબીબી નિરીક્ષણ તથા જરૂરી આરોગ્ય સહાય પૂરી પાડવામાં આવી.
- મનોસામાજિક કાઉન્સેલિંગ દ્વારા બાળકીનો વિશ્વાસ જીતવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને પરિવાર અંગેની માહિતી મેળવવામાં આવી.
- પ્રાપ્ત વિગતોના આધારે બાળકીનાં માતા-પિતા સાથે સંપર્ક સાધવામાં આવ્યો.
- સતત અનુસરણ અને કાઉન્સેલિંગ બાદ બાળકીની રાજી-ખુશી મુજબ તેના પરિવાર સાથે પુનઃમિલન માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

**પરિણામ**

સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા સમયસર હસ્તક્ષેપ, યોગ્ય માર્ગદર્શન અને સંવેદનશીલ કાઉન્સેલિંગના પરિણામે બાળકીનું માનસિક રીતે સકારાત્મક પુનર્વસન શક્ય બન્યું. અંતે, લગભગ એક મહિના બાદ તારીખ ૦૬ મે ૨૦૨૬ના રોજ બાળકીનું પોતાનાં માતા-પિતા સાથે સુખદ પુનઃમિલન કરાવવામાં આવ્યું અને તેને સુરક્ષિત રીતે પોતાના ઘરે રવાના કરવામાં આવી.

# ૬ માસની બાળકીનું માતા સાથે પુનઃમિલન કરાવતું મહિલા સહાયતા કેન્દ્ર - બોટાદ




RNI NO. GUJGUJ 66445/96

Mo. - 9898619887 7801864930

ગુજરાત DAY સોશીયલ મીડીયા આવૃતિ

હમેંશા સત્યની સાથે

માલીક, મુદ્રક, પ્રકાશક - એચ. કે. સમા

Dt : 14.5.2026 BREKING NEWS

**PBSC ગઢડા ના કાઉન્સિલર દ્વારા સમજાવટ ભર્યા કાઉન્સિલિંગ ના અંતે પિતાએ રાજી ખુશીથી ધાત્રી માતાને તેની છ માસની પુત્રી સોંપેલ**

તારીખ 12/5/26 ના રોજ જી. આર. નંબર 1036 પતિ વિરુદ્ધ ઘરેલુ હિંસાની અરજી આવેલ અરજદાર ના લગ્ન ને બે વર્ષ સમય ગાળો થયેલ અને અરજદારે લવ મેરેજ કરેલ આ લગ્ન જીવન તેમને એક સંતાન છે અરજદાર નુ દાંપત્ય જીવન થોડા દિવસ સારુ ચાલ્યું ત્યારબાદ તેમના પતિ દારૂ પીવા લાગ્યા અને ઘરમાં ધ્યાન પણ ઓછું આપતા અરજદાર કાઈ બોલે તો કોઈ વાર હાથ પણ ઉપાડી લેતા તેમજ તેમના પિયરમાં જવાની ના પાડતા તેના કારણે ઘરમાં રોજ ઝઘડા થતાં આથી બેન તેમના પિયરમાં જતા રહેલ તો ત્યાં પણ તેમના પતિ જાય ને તેમના છ માસની બાળકીને લઈ ગયેલ. છ માસની બાળકી પેટ ભરતી હોવાથી અરજદાર અને તેમના મમ્મી ખૂબ ચિંતિત હતા તેમજ અરજદાર અને તેમના મમ્મી સેન્ટર પર આવીને રડવા લાગ્યા

કાર્યવાહીની વિગત અરજદાર ને સાંત્વના આપેલ રડતા શાંત પાડેલ તેમજ અરજદાર ના પતિ સાથે ફોનમાં વાતચીત કરેલ. સેન્ટર પર બોલાવવાની પ્રક્રિયા કરેલ આજ રોજ 13 /5/26 અરજદારના પતિ સેન્ટર પર આવેલ બન્ને પતિ પત્ની નું કાઉન્સિલિંગ કરેલ તેમજ સાક્ષી તરીકે અરજદારના મમ્મી ને બોલાવેલ બંને પક્ષકારની ગ્રુપ બેઠક કરેલ અરજદાર હાલ તેમના પિયરમાં રહેવું હોવાથી તેમજ બંને પતિ પત્ની નું લાંબા ગાળાના કાઉન્સિલિંગની જરૂર હોવાથી અરજદાર હાલ તેમના પિયરમાં ગયેલ અને psi સાહેબ શ્રી જી.જે. ગોહિલ સાહેબ ના સંકલનમાં રહી ધાત્રી માતા ને તેમનું બાળક સોપેલ અરજદારે સેન્ટર નો આભાર માનેલ PBSC Gadhada

બોટાદ જિલ્લાના ગઢડા PBSC સેન્ટર ખાતે અરજદાર મીનાબેન (નામ બદલેલું છે.) તેની અરજી લઈને મહિલા સહાયતા કેન્દ્ર પર આવેલાં હતાં. મીનાબેન ના લગ્નજીવનનો સમયગાળો બે વર્ષનો હતો અને તેણે પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્નજીવન દરમિયાન તેઓને એક ૬ માસની બાળકી છે.

શરૂઆતનો સમય સારો રહ્યા બાદ, મીનાબેનના પતિ(સુરેશભાઇ) દારૂના વ્યસને ચડી ગયા હતા અને ઘરમાં પૂરતું ધ્યાન આપતા નહોતા. મીનાબેન આ બાબતે સમજાવવાનો પ્રયત્ન કરેલો ત્યારે સુરેશભાઇ તેઓની સાથે અવારનવાર શારીરિક અને માનસિક હિંસા આચરતા હતા અને પિયર જવાની પણ મનાઈ કરતા હતા.રોજબરોજના ત્રાસથી કંટાળીને અરજદાર પોતાના પિયર રહેવા જતાં રહ્યાં હતાં. પરંતુ, સુરેશભાઈ એ પિયર આવીને તેમની ૬ માસની માસૂમ બાળકીને બળજબરીપૂર્વક આંચકી લીધી હતી. બાળકી હજુ ધાત્રી માતાનું દૂધ પીતી હોવાથી,માતાથી અલગ થવાને કારણે મીનાબેન અને તેની માતા અત્યંત ચિંતિત અને ભયભીત અવસ્થામાં સેન્ટર પર આવ્યાં હતાં.

સેન્ટર પર આવીને રડી રહેલાં મીનાબેન અને તેમના માતાને સૌપ્રથમ કાઉન્સિલરે સાંત્વના આપી, શાંત પાડ્યાં અને કાયદાકીય તેમજ નૈતિક પીઠબળ પૂરું પાડી આશ્વાસન આપ્યું. ત્વરિત ટેલિફોનિક સંપર્ક કરી કેસની સંવેદનશીલતા અને ધાત્રી માતાથી અલગ થયેલી ૬ માસની બાળકીની સ્વાસ્થ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને કાઉન્સિલરે તાત્કાલિક અરજદારના પતિ સાથે ફોન પર વાતચીત કરી, કાયદાકીય સમજ આપીને સેન્ટર પર હાજર થવા જણાવ્યું.

ટેલિફોનિક સમજાવટ બાદ, મીનાબેનના પતિ સેન્ટર પર હાજર થયા હતા. કાઉન્સિલર દ્વારા બંને પક્ષો સાથે તેમજ મીનાબેનની માતાની ઉપસ્થિતિમાં એક સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું.બંને પક્ષોને શાંતિપૂર્વક સાંભળીને કાયદાકીય અને કૌટુંબિક જવાબદારીઓનું ભાન કરાવવામાં આવ્યું.

માસૂમ બાળકી ધાત્રી માતાના સ્તનપાન પર નિર્ભર હોવાથી, પોલીસ વિભાગના સહકારથી બાળકીને સુરક્ષિત રીતે તેની માતાને પરત સોંપવામાં આવી, PBSC સેન્ટરના ત્વરિત હસ્તક્ષેપ અને પોલીસ પ્રશાસનના સંકલનથી એક માસૂમ ધાત્રી બાળકીને તેની માતાનો મમતાભર્યો ખોળો પાછો મળ્યો. હાલ પૂરતું મીનાબેન તેમની બાળકી સાથે સુરક્ષિત રીતે પોતાના પિયર ગયેલાં છે પોતાની માસૂમ બાળકી હેમખેમ પરત મળતાં મીનાબેન અને તેમના પરિવારે ગઢડા પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર અને કાઉન્સિલરની સમયસૂચક કામગીરીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# દીકરીને આત્મનિર્ભરતા અને સ્વતંત્ર જીવનનો અધિકાર અપાવવામાં મહિલા સહાયતા કેન્દ્રની પ્રશંસનીય ભૂમિકા – મહેસાણા





દિવ્ય ભાસ્કર

મહેસાણા પુલઆઉટ 08-05-2026

ભાસ્કર એક્સક્લૂસિવ મહિલા સહાયતા કેન્દ્રએ દીકરી અને પરિવાર વચ્ચે સેતુ બાંધ્યો, પરિવારે કહ્યું બેટા, તારી સાથે છીએ

**દીકરીની હિંમત સામે રૂઢિચૂસ્તતા હારી: લગ્નના દબાણથી ત્રાસી કેરિયર માટે ઘર છોડનારી યુવતીનો પક્ષ સાંભળી પરિવાર માન્યો**

ભાસ્કર એક્સપર્ટ

દીકરીના સપનાને પ્રાધાન્ય આપો

મહેસાણા જિલ્લાની ૧૯ વર્ષીય યુવતી નેન્સીબેન (નામ બદલેલું છે) પોતાના જીવનનો નિર્ણય જાતે લેવા માંગતી હતી, પરંતુ પરિવાર અને સામાજિક દબાણ સામે તે લાચાર બની ગઈ હતી. ધોરણ ૯ સુધી અભ્યાસ કરનાર નેન્સીબેન પર તેનાં પરિવારજનો (માતા, ભાઈ અને માસી) દ્વારા નાની ઉંમરે લગ્ન કરી લેવા માટે સતત માનસિક દબાણ કરવામાં આવતું હતું.

નેન્સીબેન હાલ લગ્ન કરવા ઈચ્છતી નહોતી અને પગભર થઈને માનભેર જીવવા માંગતી હતી. પરંતુ પરિવાર દ્વારા લગ્ન માટે દબાણ એટલી હદે વધી ગયું કે ઘરમાં અંધશ્રદ્ધાનો સહારો લઈ, ભૂવાઓ બોલાવીને નેન્સીબેન લગ્ન માટે તૈયાર થાય તે માટેની વિધિઓ કરાવવાનું શરૂ કરાયું.આ માનસિક ત્રાસથી કંટાળીને નેન્સીબેન ઘરમાં એક ચિઠ્ઠી છોડીને નીકળી ગયેલાં, જેમાં તેણે સ્પષ્ટ કર્યું હતું કે તે કોઈ છોકરા સાથે ભાગી રહી નથી કે ઘરમાંથી કોઈ કિંમતી સામાન પણ લઈ જતી નથી.આખરે આ કેસ પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર મહેસાણા પાસે આવ્યો હતો.

મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર  દ્વારા કેસની ગંભીરતા સમજીને ત્વરિત અને સંવેદનશીલતાપૂર્વક પગલાં લેવામાં આવ્યાં. સૌપ્રથમ નેન્સીબેનને શાંતિથી સાંભળીને તેમની કેસ હિસ્ટ્રી લેવામાં આવી. તેમને કેન્દ્રની પ્રક્રિયા સમજાવી માનસિક હિંમત પૂરી પાડવામાં આવી. સુરક્ષાના ભાગરૂપે તેને ૧૮૧ અભયમ હેલ્પલાઇન,૧૦૦ નંબર અને સંકટ સખી એપ્લિકેશનની માહિતી આપી. નેન્સીબેન કોઈ પણ ભોગે ઘરે પરત ફરવા તૈયાર ન હતાં. મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા તેમને વન સ્ટોપ સેન્ટરમાં રહેવા માટે વિકલ્પ અપાયો,પરંતુ નેન્સીબેને તેની મહિલા મિત્રના ઘરે સુરક્ષિત રહેવાની ઈચ્છા વ્યક્ત કરી. મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા સામેવાળા પક્ષ એટલે કે નેન્સીબેનનાં માતા,ભાઈ અને માસીને બોલાવીને વિગતવાર ચર્ચા કરવામાં આવી. કાઉન્સેલર દ્વારા સતત ૪ થી ૫ મીટિંગો યોજીને બંને પક્ષોનું સઘન કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

નેન્સીબેને કાઉન્સેલિંગ દરમિયાન સ્પષ્ટ કર્યું કે તે માત્ર નોકરી કરીને શાંતિથી એકલા રહેવા માંગે છે. કાઉન્સેલરની સમજાવટથી આખરે પરિવારને પોતાની ભૂલ સમજાઈ અને તેઓ નેન્સીબેનની સુરક્ષા તેમજ તેના એકલા રહેવાના નિર્ણય પર સહમત થયાં. મહિલા સહાયતા કેન્દ્ર ખાતે બંને પક્ષોનું કાયદાકીય લખાણ લેવામાં આવ્યું, જેમાં નેન્સીબેનના ભાઈ અવારનવાર નેન્સીબેન સાથે વાતચીત કરી તેના સંપર્કમાં રહી શકે તેવી સહમતિ સધાઈ.

કાઉન્સેલરના કુશળ અને ધૈર્યપૂર્વકના પ્રયાસોથી કેસનો ખૂબ જ સુખદ અંત આવ્યો. નેન્સીબેન કોઈ પણ પ્રકારની હિંસા કે જબરદસ્તીનો ભોગ બન્યા વિના પોતાના પગ પર ઊભાં રહ્યાં. મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા સમયાંતરે ટેલિફોનિક ફોલો-અપ લેવામાં આવે છે. હાલમાં નેન્સીબેન ખૂબ જ ખુશ છે, તે આત્મનિર્ભર બનીને નોકરી કરી રહ્યાં છે.

# પૂર્ણા દિવસ ઉજવણી- વિશ્વ માસિક દિવસ



મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૮થી પૂર્ણા યોજના (આઇસીડીએસ) હેઠળ અમલમાં છે, જેમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને પોષણ અને બિનપોષણની સેવાઓ આપવામાં આવે છે. બિનપોષણની સેવાઓમાં કિશોરીઓનું પોષણ સ્તર માપવામાં આવે છે, પોષણ અને આરોગ્ય શિક્ષણ વિષે પરામર્શ, જીવનકૌશલ્યની તાલીમ, જાહેર સેવાઓની મુલાકાત, શાળાએ પુનઃ પ્રવેશ માટે પ્રોત્સાહન અને આરોગ્ય વિભાગના સંકલનથી આઈ. એ.એફ એ ગોળી અને કૃમિનાશક ગોળીનું વિતરણ, આરોગ્ય તપાસ અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવે છે. પૂર્ણ યોજના અંતર્ગત કિશોરીઓ માટે ચોથા મંગળવારે પૂર્ણા દિવસ ઉજ્જવવામાં આવે છે. જેમાં વિવિધ પ્રકારની પ્રવુતિઓ કરાવવામાં આવે છે.

પૂર્ણા દિવસ એ કિશોરીઓ માટેનો ખાસ દિવસ છે. રાજય સરકાર દ્વારા પૂર્ણા યોજના અંતર્ગત દર મહિને ચોથા મંગળવારના દિવસે આંગણવાડી કક્ષાએ વર્ષ ૨૦૨૬-૨૭માં નક્કી કરેલાં કેલેન્ડર મુજબ પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી છે. પૂર્ણા દિવસે કિશોરીઓને આરોગ્ય, પોષણ અને જીવનકૌશલ્ય શિક્ષણ આપીને સક્ષમ અને સ્વાવલંબી કરવા હેતુ જાગૃતતા આવે તે માટે આંગણવાડી કક્ષાએ નોંધાયેલી તમામ કિશોરીઓને




ઉપસ્થિત રાખીને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન દિવસ (Menstrual Hygiene Management Day)- માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન દિવસ દર વર્ષે 28 મેના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ માસિક ધર્મ (પીરિયડ્સ) વિશે જાગૃતિ ફેલાવવાનો, ગેરસમજો દૂર કરવાનો અને મહિલાઓ તથા કિશોરીઓને સ્વચ્છ અને સુરક્ષિત માસિક સ્વચ્છતા અપનાવવા પ્રોત્સાહિત કરવાનો છે.

**મહત્ત્વ:**

- માસિક ધર્મ વિશે યોગ્ય માહિતી આપવી.
- સ્વચ્છતા જાળવવાના મહત્ત્વ વિશે સમજાવવું.
- સેનેટરી પેડ, મેનસ્ટ્રુઅલ કપ અથવા અન્ય સુરક્ષિત સાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપવું.
- માસિક ધર્મ સાથે જોડાયેલા સામાજિક કલંક અને ભેદભાવને ઘટાડવા.

**પૂર્ણા દિવસે કિશોરીઓને આરોગ્ય, પોષણ અને જીવન કૌશલ્ય શિક્ષણ આપીને સક્ષમ અને સ્વાવલંબી કરવા હેતુ જાગૃતતા આવે તે માટે આંગણવાડી કક્ષાએ નોંધાયેલ તમામ કિશોરીઓને ઉપસ્થિત રાખીને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે**

**નિષ્કર્ષ:**

માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન દિવસ મહિલાઓના આરોગ્ય, ગૌરવ અને સમાન અધિકારો માટે મહત્ત્વપૂર્ણ છે. સમાજમાં ખુલ્લી ચર્ચા અને યોગ્ય સ્વચ્છતા દ્વારા મહિલાઓનું જીવન વધુ સ્વસ્થ અને સશક્ત બની શકે છે.

દર વર્ષે પૂર્ણા કેલેન્ડરમાં મે માસ અંતર્ગત વિશ્વ માસિક દિવસની ઉજવણી થીમ આધારિત પ્રવૃત્તિ નક્કી કરવામાં આવે છે. તા. ૨૬-૦૫-૨૦૨૬ના પૂર્ણા દિવસના રોજ ગુજરાત રાજયની તમામ આંગણવાડી કેન્દ્રોમાં આરોગ્ય વિભાગ, આઇસીડીએસ વિભાગ અને શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને વિશ્વ માસિક દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં નીચે આપેલા મુદ્દાઓ પર પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ.

૧) જેમાં માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતાનાં પ્રતીક તરીકે કિશોરીઓની હાથની હથેળી પર રેડ ડોટ કરાવવમાં આવ્યું

૨) કિશોરીઓ દ્વારા માસિક ચક્રને દર્શાવતું બ્રેસલેટ મોતી અને બિડ્સથી બનાવતાં શીખવાડમાં આવેલું, જેમાં મહિના ૩૦/૩૧ દિવસના મણકા પરોવવા, જેમાં ૫ લાલ રંગનાં મોતી અથવા બીડ્સ પરોવવાં, જે માસિકના ૫ દિવસ દર્શાવે છે.

૩) કિશોરીઓ માટે માસિક અંગે રાખવાની સ્વચ્છતા વિશે કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિસેફ દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ વિભાગો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, ગ્રામવિકાસ વિભાગના સંકલિત સહયોગથી તા. 28 મે, 2026ના રોજ "માસિક સ્વચ્છતા દિવસ"ની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ, કિશોરીઓ અને મહિલાઓમાં માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવાનો, માસિક ધર્મ સંબંધિત ગેરમાન્યતાઓ

અને સામાજિક કલંકને દૂર કરવાનો તેમજ સુરક્ષિત અને સ્વચ્છ માસિક વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો હતો.

ઉજવણી અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ તથા સમુદાય સ્તરે વિવિધ જાગૃતિમૂલક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પૂર્ણા દિવસ, ગૌરવી દિવસ, ગ્રામઆરોગ્ય અને પોષણદિવસ (VHND) તથા અન્ય સમુદાય આધારિત મંચો મારફતે માસિક સ્વચ્છતા અંગે માર્ગદર્શન અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

યુનિસેફના ટેકનિકલ સહયોગથી રાજ્ય સ્તરે તાલીમકારોની તાલીમ (Training of Trainers - ToT) નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ વિભાગોના કુલ 278 અધિકારીઓ/કર્મચારીઓને માસ્ટર ટ્રેનર તરીકે તાલીમ આપવામાં આવી હતી. ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં આંતરવિભાગીય સંકલન બેઠકો યોજી માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન માટે જરૂરી આયોજન અને અમલીકરણ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમોમાં માસિક સ્વચ્છતા અંગે માહિતીપ્રદ સત્રો, પ્રશ્નોત્તરી, આરોગ્ય પરામર્શ, સેનિટરી નેપકિન તથા આયર્ન-ફોલિક એસિડ (IFA) ટેબ્લેટ વિતરણ તેમજ વિવિધ સ્પર્ધાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. માસિક સ્વચ્છતા અંગે

**કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કિશોરીઓ અને મહિલાઓમાં માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવાનો, માસિક ધર્મ સંબંધિત ગેરમાન્યતાઓ અને સામાજિક કલંકને દૂર કરવાનો તેમજ સુરક્ષિત અને સ્વચ્છ માસિક વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો હતો**



સકારાત્મક સામાજિક વાતાવરણનું નિર્માણ થાય તે હેતુસર રાજ્યભરમાં પ્રતિજ્ઞા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, ઉપરાંત, "#RedDotChallenge" તથા Menstrual Bracelet Campaign જેવી નવીન પહેલો દ્વારા માસિક ધર્મવિષયક માન્યતા દૂર કરવા અને સામાજિક સ્વીકાર્યતા વધારવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

આમ, માસિક સ્વચ્છતા દિવસ-2026ની ઉજવણી રાજ્યમાં સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. વિવિધ વિભાગો વચ્ચેના અસરકારક સંકલન અને સમુદાયની સક્રિય ભાગીદારીના પરિણામે માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જનજાગૃતિ વધારવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. ભવિષ્યમાં પણ માસિક સ્વચ્છતા સંબંધિત સેવાઓની સુલભતા, સ્વચ્છતા સામગ્રીની ઉપલબ્ધતા તથા પર્યાવરણમૈત્રી કચરા વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવશે.

આ તમામ પ્રવૃતિઓ વિશ્વ માસિક દિવસે કરાવવામાં આવી. જેમાં કિશોરીઓને માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતા અને માસિક વખતે શરમ ન અનુભવી જોઈએ તે માટે સમજણ આપવામાં આવી. કુલ અંદાજી ૬.૫ લાખ કિશોરીઓએ વિશ્વ માસિક દિવસની ઉજવણી અંતર્ગત પૂર્ણા દિવસે ઉત્સાહભેર ભાગ લીધો હતો.





# ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર પ્રદર્શન સહ વેચાણ મેળા યોજના




મહિલા કારીગરોને તેમની સ્વઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે સીધી બજારની સુવિધા આપવા પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. રાજ્યમાં આયોજિત મેળામાં જુદી જુદી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી મહિલા કારીગર પ્રદર્શન સહ વેચાણ મેળામાં ભાગ લઈ શકે છે મેળામાં ભાગ લેવા માટે મેળા પોર્ટલ mela.gwedc.gov.in ઉપર પ્રથમ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી. સ્ટોલ બુકિંગ માટે ઓનલાઇન અરજી તેમજ ઓનલાઇન ફી ભરી ઓનલાઇન સ્ટોલ ભાડું ભરી, જે તે મેળામાં ઓનલાઇન મળેલી અરજીઓનો ઓનલાઇન ડ્રો કરી સ્ટોલ ફાળવણી ઓનલાઇન થાય છે. પ્રદર્શન સહ વેચાણ મેળામાં ભાગ લેવા માટે નિયત થયેલી પ્રતિ દિન-રૂ.૨૦૦/- સ્ટોલ ભાડું મહિલા કારીગરે ભરવાનું રહેશે.

એપ્રિલ-૨૦૨૬થી જૂન-૨૦૨૬ સુધી મહિલા આર્ટ એન્ડ



ફેસ્ટિવલ મેળાના 6 મેળા આયોજિત થયા હતા. જેમા નીચે દર્શાવેલાં સ્થળોએ અને મહિલા કારીગરોએ મેળામાં ભાગ લીધો હતો.




| ક્રમ | મેળાનું નામ | મેળાનું સ્થળ | સમયગાળો | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | વાઈબ્રન્ટ ગુજરાત રીજિયોનલ કોન્ફરન્સ VGRC-૨૦૨૬ સુરત મેળો | ઓરો યુનિવર્સિટી, સુરત | 01/05/2026 થી 05/05/2026 | 22 |
| 2 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટિવલ | વિરાંજલી મેદાન, શુકન ચાર રસ્તા, પૂજન બંગ્લોઝની સામે, નિકોલ,અમદાવાદ | 21/05/2026 થી 28/05/2026 | 100 |
| 3 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટિવલ | કુડાસણ, હોટલ પ્રોમિનેન્ટની સામે, ગાંધીનગર | 15/05/2026 થી 21/05/2026 | 120 |
| 4 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટિવલ | કોર્પોરેશન મેદાન, સરદાર ચોક,સરદાર ગાર્ડનની સામે,ન્યુ રાણીપ,અમદાવાદ | 06/06/2026 થી 12/06/2026 | 70 |
| 5 | મહિલા આર્ટ & ક્રાફ્ટ ફેસ્ટિવલ | મજૂર સહકારી મંડળીનું મેદાન, મહેસાણા-વિસનગર ક્રોસ રોડ, મુ.વિસનગર, જિ.મહેસાણા | 12/06/2026 થી 18/06/2026 | 50 |
| | કુલ | | | 362 |

# GIDM ખાતે નારી અદાલતના કો-ઓર્ડિનેટર્સ માટે મહિલા સુરક્ષા અને કાયદાકીય જાગૃતિ અંગે સઘન તાલીમ કાર્યક્રમ






તા. ૧૫,૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ GIDM ખાતે નારી અદાલતના જિલ્લા કો. ઓ તેમજ તા.૧૭, ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નારી અદાલતના દક્ષિણ ઝોનના તાલુકા કો.ઓ.સાથે જાતિગત સંવેદનશીલતા, મહિલા પર થતી હિંસા, પ્રકારો તેમજ અસરો, કાઉન્સેલિંગની પ્રક્રિયા નારીવાદી અભિગમથી, નેતૃત્વ વ્યવસ્થાપન અને સંઘર્ષ તનાવ વ્યવસ્થાપન, માનસિક સ્વાસ્થ્ય અને મહિલા, ઘરેલું હિંસા અધિનિયમ, ૨૦૦૫, POSH ACT 2013, મહિલા અને સાયબર ક્રાઇમ તેમજ મધ્યસ્થી (Meditation) અને વિવાદ નિવારણ વિષય પર જુદાજુદા વિષય નિષ્ણાત સુશ્રી સોફિયા ખાન, ડાયરેક્ટર, સફર સંસ્થા, ડૉ. નિલેશ ઠાકોર, પ્રોફેસર અને હેડ, GMERS મેડિકલ કોલેજ, વડનગર, ડૉ. દીપ્તિ ભટ્ટ, મનોચિકિત્સક, મેન્ટલ હોસ્પિટલ,અમદાવાદ, ડૉ.દિશા પટેલ મનોચિકિત્સક, મેન્ટલ હોસ્પિટલ, અમદાવાદ સુશ્રી વૃતિકા વેગડા, દહેજ પ્રતિબંધક સહ જિલ્લા રક્ષણ અધિકારી, અમદાવાદ, સુશ્રી મનીષા પંડ્યા અને સુશ્રી મૈત્રી રાવલ POSH ટ્રેનર, શ્રી જી. એચ. ચૌધરી, પોલીસ ઇન્સ્પેક્ટર, સાયબર એક્સલ સેલ, ગાંધીનગર, સુશ્રી આરતી વ્યાસ જોઇન્ટ સેક્રેટરી, શ્રી બી. એસ. ગઢવી, પ્રોજેક્ટ ઓફિસર, ગુજરાત સ્ટેટ લીગલ ઓથોરિટી, હાઈકોર્ટ, દ્વારા બંને તાલીમોમાં સેશન લેવામાં આવ્યાં.


GIDM




GIDM




NARI ADALAT
JILLA
15/16/04/2026
Total Participants
PRE-Test
20
<5
>=5%
5-7
>=15%
11-13
>=40%
8-10
>=40%
13-15 RIGHT ANSWERS
24%
11-13 RIGHT ANSWERS
40%
8-10 RIGHT ANSWERS
40%
5-7 RIGHT ANSWERS
15%
< 5 RIGHT ANSWERS
5%


NARI ADALAT
JILLA
15/16/04/2026
Total Participants
Post-Test
20
8-10
>=20%
11-13
>=80%
13-15 RIGHT ANSWERS
0%
11-13 RIGHT ANSWERS
80%
8-10 RIGHT ANSWERS
20%
5-7 RIGHT ANSWERS
0%
< 5 RIGHT ANSWERS
0%


NARI ADALAT
TALUKA
17/18/04/2026
Total Participants
PRE-Test
31
<5
>=3%
11-13
>=45.5%
8-10
>=51.5%
13-15 RIGHT ANSWERS
0%
11-13 RIGHT ANSWERS
45.5%
8-10 RIGHT ANSWERS
51.5%
5-7 RIGHT ANSWERS
0%
< 5 RIGHT ANSWERS
3%


NARI ADALAT
TALUKA
17/18/04/2026
Total Participants
Post-Test
33
8-10
>=19.4%
11-13
>=80.6%
13-15 RIGHT ANSWERS
0%
11-13 RIGHT ANSWERS
80.6%
8-10 RIGHT ANSWERS
19.4%
5-7 RIGHT ANSWERS
0%
< 5 RIGHT ANSWERS
0%

# નારી અદાલતના સેન્ટ્રલ ઝોનના સંકલનકર્તાઓ માટે GIDM ખાતે વિવિધ કાનૂની અને સામાજિક વિષયો પર નિષ્ણાતો દ્વારા સઘન માર્ગદર્શન





તા. 21,22 એપ્રિલ, 2026ના રોજ GIDM ખાતે નારી અદાલતના તાલુકા કો. ઓ (સેન્ટ્રલ ઝોન) સાથે જાતિગત સંવેદનશીલતા, મહિલા પર થતી હિંસા, પ્રકારો તેમજ અસરો, કાઉન્સેલિંગની પ્રક્રિયા નારીવાદી અભિગમથી, નેતૃત્ત્વ વ્યવસ્થાપન અને સંઘર્ષ, તનાવ વ્યવસ્થાપન, માનસિક સ્વાસ્થ્ય અને મહિલા, ઘરેલું હિંસા







અધિનિયમ, ૨૦૦૫, POSH ACT 2013, મહિલા અને સાયબર ક્રાઇમ તેમજ મધ્યસ્થી ( Meditation) અને વિવાદ નિવારણ વિષય પર જુદાજુદા વિષય નિષ્ણાત સુશ્રી સોફિયા ખાન, ડાયરેક્ટર,સફર સંસ્થા, ડૉ.નિલેશ ઠાકોર, પ્રોફેસર અને હેડ, GMERS મેડિકલ કોલેજ , વડનગર, ડૉ. દીપ્તિ ભટ્ટ, મનોચિકિત્સક, મેન્ટલ હોસ્પિટલ, અમદાવાદ સુશ્રી વૃતિકા વેગડા, દહેજ પ્રતિબંધક સહ જિલ્લા રક્ષણ અધિકારી, અમદાવાદ, ડો. ક્રિષ્ના મહેતા ,POSH ટ્રેનર, શ્રી જી.એચ. ચૌધરી, પોલીસ ઇન્સ્પેક્ટર, સાયબર એક્સલ સેલ, ગાંધીનગર, સુશ્રી આરતી વ્યાસ જોઇન્ટ સેક્રેટરી, ગુજરાત સ્ટેટ લીગલ ઓથોરિટી, હાઈકોર્ટ, દ્વારા તાલીમમાં સેશન લેવામાં આવ્યાં.

# વડોદરામાં આરોગ્ય વિભાગના તાલીમકારો માટે She-Box અને કાનૂની માર્ગદર્શન અંગે 'રિફ્રેશર તાલીમ' સંપન્ન




જીઆરસી દ્વારા સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ અને ફેમિલી વેલ્ફેર (SIHFW) ના સંકલનમાં ૬૫ થી વધુ જિલ્લા તાલીમ સેન્ટર અને જિલ્લા તાલીમ ટીમમાં કાર્યરત મેડિકલ ઓફિસરશ્રીઓ તેમજ સરકારી નર્સિંગ કોલજના આચાર્યશ્રી તેમજ ટ્યુટરશ્રીઓની અગાઉ આપેલી "તાલીમકારોની તાલીમ" અંતર્ગત તા:૨૨ અને તા:૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા ખાતે રિફ્રેશર તાલીમ યોજવામાં આવેલ હતી.

તાલીમમાં ડો. સુરેન્દ્ર જૈન, નાયબ નિયામકશ્રી, SIHFW એ તમામ તાલીમકારોને આ વિષયની













ગંભીરતા અને મહત્ત્વ અંગે અવગત કરાવી ક્ષેત્રીય સ્તરે આ વિષયની તાલીમો યોજવા તેમજ આયોજિત તાલીમમાં આ વિષયને ફરજિયાત સાંકળવા જણાવેલું હતું,

તાલીમમાં વિવિધ નિષ્ણાતો દ્વારા સહભાગી પદ્ધતિ થી ૧) તાલીમકારની તાલીમ બાદ યોજેલી તાલીમો ૨) અનુભવેલા પ્રશ્નો/મુશ્કેલીઓ ૩) તાલીમની પદ્ધતિઓ ૪) She-Box પોર્ટલ 5) વિષય સબંધિત મહત્ત્વના ચુકાદાઓ અને રાજ્ય સરકાની SoP અંગે વિસ્તૃત જાણકારી આપી, તાલીમકારોને વધુ સક્ષમ કરવામાં આવ્યા હતા.

# મહિલા આઈ.ટી.આઈ., જોટાણા ખાતે POSH એક્ટ, જીવન-કૌશલ્ય અને મહિલા સુરક્ષા અંગે જાગૃતિ તાલીમકાર્યક્રમ યોજાયો










તા. ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મહિલા આઈ.ટી.આઈ., જોટાણા ખાતે તાલીમકાર્યક્રમ યોજાયો હતો. તાલીમ દરમિયાન જાતિગત સંવેદનશીલતા, લિંગ અને જાતિ વચ્ચેનો તફાવત તેમજ સામાજિક માન્યતાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ POSH Act, 2013 વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું,







જેમાં જાતીય સતામણીની સમજ, ફરિયાદ કરવાની પ્રક્રિયા તથા સંબંધિત અધિકારો અંગે માહિતી આપવામાં આવી.

બપોર બાદ જીવન કૌશલ્યવિષયક સત્રમાં તાલીમાર્થીઓના આત્મવિશ્વાસ, સંચાર કુશળતા, નિર્ણય લેવાની ક્ષમતા અને તણાવ સંચાલન વિકસાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ પોષણના મહત્ત્વ અંગે પણ ઉપયોગી માહિતી આપવામાં આવી. કાર્યક્રમના અંતમાં 181 Abhayam Women Helpline અંગે જાગૃતિ ફેલાવવામાં આવી આ તાલીમ કાર્યક્રમ દ્વારા તાલીમાર્થીઓમાં જાગૃતિ વધારવા સાથે તેમની વ્યક્તિગત તથા વ્યવહારિક ક્ષમતાઓના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો મળ્યો.





## હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી

# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

### સુપોષિત ભારત - સાક્ષર ભારત - સશક્ત ભારત




**સગર્ભાવસ્થાના ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ એટલે ૧૦૦૦ દિવસની સંપૂર્ણ કાળજી લેતી યોજના**

**મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના**

- ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લિટર સિંગતેલ દર મહિને આંગણવાડી કેન્દ્રમાંથી વિનામૂલ્યે આપવામાં આવે છે.
- આ યોજનાનો લાભ પ્રથમ વારની સગર્ભા બહેન તથા પ્રથમ બાળક (૨ વર્ષ સુધી)ની માતાને મળશે

## પોષણ હેલ્પલાઈન : ૧૫૧૫

ગુજરાત રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રમાં દર મહિને વિનામૂલ્યે લાભ આપવામાં આવે છે

ટોલ ફ્રી નંબર: ૧૫૫૨૦૯










36+4 Cover Total 40 Pages. Coommissionerate of Women & Child Development, Block No. 20, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat.